## (૩) પુષ્પપૂજા-દુહો

**સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ;**
**સુમજંતુ ભવ્યજ પરે, કરીએ સમકિત છાપ. ૩.**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા. ૩.**

## (૪) ધૂપપૂજા-દુહો

**ધ્યાન ઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ;**
**મિચ્છત્ત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ. ૪.**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા. ૪.**

---

જેમના સંતાપમાત્ર નાશ પામ્યા છે, એવા પ્રભુને તમે સુગંધી અને અખંડ પુષ્પો વડે પૂજો. જેમ પુષ્પપૂજા કરવાથી એ પુષ્પોને ભવ્યપણાની છાપ મળે છે, તેમ તમે સમકિતપણાની છાપ પ્રાપ્ત કરો, તાત્પર્ય એ છે કે- પ્રભુ ઉપર ચડે તે પુષ્પના જીવો ભવ્ય જ હોય છે, તેમ પ્રભુની પૂજા કરનારા તમે સમકિતી જીવો છો એવી છાપ મેળવો. ૩.

પરમપુરુષ પરમેશ્વર, જન્મ-જરા મૃત્યુને નિવારનાર શ્રીમાન્ જિનેશ્વર ભગવંતની અમે પુષ્પોવડે પૂજા કરીએ છીએ.

પ્રભુની ડાબી બાજુએ ધૂપ સ્થાપન કરીને પછી તેમાંથી નીકળતી ધૂમઘટાની જેમ ધ્યાનઘટા પ્રગટાવીએ કે જેથી મિથ્યાત્વરૂપી દુર્ગંધ નાશ પામે અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય. ૪.

પરમપુરુષ પરમેશ્વર, જન્મ-જરા મૃત્યુને નિવારનાર શ્રીમાન્ જિનેશ્વર ભગવંતની અમે ધૂપવડે પૂજા કરીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫) દીપકપૂજા-દુહો

**દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;**
**ભાવ-પ્રદીપ પ્રગટ હુવે, ભાસિત લોકાલોક. ૫.**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય દીપં યજામહે સ્વાહા. ૫.**

## (૬) અક્ષતપૂજા-દુહો

**શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાલ;**
**પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાલ. ૬.**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય અક્ષતાન્ યજામહે સ્વાહા. ૬.**

---

વિવેકપૂર્વક પ્રભુની સામે દ્રવ્યદીપક કરવાથી દુઃખમાત્ર નાશ પામે છે. અને પરિણામે લોકાલોક જેમાં પ્રકાશિત થાય છે એવો ભાવદીપક-કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ૫.

પરમપુરુષ, પરમેશ્વર, જન્મ-જરા-મૃત્યુનું નિવારણ કરનાર શ્રીમાન્ જિનેશ્વર ભગવંતની અમે દીપકવડે પૂજા કરીએ છીએ.

શુદ્ધ અને અખંડ એવા અક્ષત લઈને તેના વડે પ્રભુ સમીપે વિશાળ એવો નંદાવર્ત્ત કરો અને પછી સર્વ જંજાળને તજી દઈને પ્રભુની સન્મુખ ઉભા રહો. અર્થાત્ શુભ ભાવના ભાવો. ૬.

પરમપુરુષ, પરમેશ્વર, જન્મ-જરા-મૃત્યુને નિવારણ કરનારા શ્રીમાન્ જિનેશ્વર ભગવંતની અમે અક્ષતવડે પૂજા કરીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### (૭) નૈવેદ્યપૂજા-દુહો

**અણાહારીપદ મેં કર્યાં, વિગ્ગહ ગઈઅ અણંત;**
**દૂર કરી તે દીજીએ, અણાહારી શિવસંત. ૭.**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા. ૭.**

### (૮) ફલપૂજા-દુહો

**ઇંદ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ;**
**પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવફલ ત્યાગ. ૮.**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ફલં યજામહે સ્વાહા. ૮.**

---

હે પ્રભુ ! વિગ્રહગતિમાં તો મેં અણાહારીપદ અનંતી વખત પ્રાપ્ત કર્યું છે, પણ તેથી કાંઈ મારી કાર્યસિદ્ધિ થઈ નહિ, તો હવે તેવું અણાહારીપદ દૂર કરીને મને કાયમનું અણાહારીપદ આપો. ૭.

પરમપુરુષ, પરમેશ્વર, જન્મ-જરા-મૃત્યુને નિવારણ કરનારા શ્રીમાન્ જિનેશ્વર ભગવંતની અમે નૈવેદ્ય વડે પૂજા કરીએ છીએ.

પ્રભુ ઉપરના ભક્તિરાગથી ઇન્દ્રાદિ દેવો પ્રભુની ફળપૂજા કરવા માટે અનેક પ્રકારના ઉત્તમ ફળો લાવે છે અને પુરુષોત્તમ એવા પ્રભુની તે ફળો વડે પૂજા કરીને પ્રભુ પાસે ધરીને જેનાથી મોક્ષની પ્રાપ્તિરૂપ ફળ મળી શકે તેવા ત્યાગધર્મની - ચારિત્રધર્મની માગણી કરે છે અગર મોક્ષફળરૂપી દાન માગે છે. ૮.

પરમપુરુષ, પરમેશ્વર, જન્મ-જરા-મૃત્યુને નિવારનાર શ્રીમાન્ જિનેશ્વર ભગવંતની અમે ફળ વડે પૂજા કરીએ છીએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ઉપર મુજબ અષ્ટપ્રકારી પૂજા કર્યા પછી
લુણ ઉતારી આરતી તથા મંગળ દીવો ઉતારવાં.)

**લૂણ ઉતારણ**

**લૂણ ઉતારો જિનવર અંગે,**
**નિર્મળ જલધારા મનરંગે. લૂણ૦ ૧.**

**જિમ જિમ તડ તડ લૂણ જ ફૂટે,**
**તિમ તિમ અશુભ કર્મબંધ તૂટે. લૂણ૦ ૨.**

**નયન સલુણાં શ્રી જિનજીનાં,**
**અનુપમ રૂપ દયારસ ભીનાં. લૂણ૦ ૩.**

**રૂપ સલુણું જિનજીનું દીસે,**
**લાજ્યું લૂણ તે જલમાં પેસે. લૂણ૦ ૪.**

**ત્રણ પ્રદક્ષિણા દેઈ જલધારા,**
**જલણ ખેપવીએ લૂણ ઉદારા. લૂણ૦ ૫.**

---

**લુણ ઉતારણનો અર્થ** - મનમાં ઉલ્લાસ ધારણ કરી નિર્મળ જળની ધારા દેવા પૂર્વક પ્રભુના અંગે લૂણ ઉતારો. ૧.

અગ્નિ નાંખવાથી જેમ લૂણ તડ તડ અવાજ કરતું ફૂટે છે, તેમ તેમ પૂજકના અશુભકર્મના બંધો તૂટે છે. ૨.

શ્રી જિનેશ્વર ભગવંતના અનુપમ રૂપવાળાં અને દયારસથી ભીનાં એવાં સુંદર નેત્રો શોભે છે. ૩.

શ્રી જિનેશ્વરનું સુંદર રૂપ જોઇને જાણે શરમાઇ ગયેલ હોય તેમ લૂણ પાણીમાં પેસી જાય છે. ૪.

જળધારાની ત્રણ પ્રદક્ષિણા દઇ, લૂણને અગ્નિમાં નાંખવું.૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જે જિન ઉપર દુમણો પ્રાણી,**
**તે એમ થાજો લૂણ જ્યું પાણી. લૂણ૦ ૬**
**અગર કૃષ્ણાગરુ કુંદરુ સુગંધે,**
**ધૂપ કરીજે વિવિધ પ્રબંધે. લૂણ૦ ૭**

**શ્રી આદિજિન આરતી**

**જય જય આરતી આદિ જિણંદા,**
**નાભિરાયા મરુદેવીકો નંદા. જય૦ ૧.**

**પહેલી આરતી પૂજા કીજે,**
**નરભવ પામીને લાહો લીજે. જય૦ ૨**

**દૂસરી આરતી દિનદયાળા,**
**ધૂળેવા મંડપમાં જગ અજવાળા. જય૦ ૩**

---

જે પ્રાણી શ્રી જિનેશ્વર ભગવંત પ્રત્યે દુષ્ટ મનવાળો થાય છે તે પાણીમાં જેમ લૂણ ઓગળી જાય છે તેમ દુઃખી થાય છે. ૬.

અગર, કૃષ્ણાગરુ અને કુંદરુ વગેરે સુગંધી દ્રવ્યોથી બનાવેલો ધૂપ શ્રી પ્રભુની સન્મુખ કરીએ. ૭.

**આદિજિન આરતીનો અર્થ** - આ આરતીમાં શ્રી નાભિરાજા અને મરુદેવી માતાના પુત્ર શ્રી આદિ જિનેંદ્ર જયવંતા વર્ત્તો. ૧.

પ્રથમ આરતીમાં શ્રી તીર્થંકર પરમાત્માની પૂજા કરીને આ મનુષ્યભવ પ્રાપ્ત કર્યાનો લાભ લઈએ. ૨.

બીજી આરતીમાં દીનદયાળ પરમાત્માએ ધૂલેવા (કેસરીયાજી) મંડપમાં બીરાજી જગત્ પર પ્રકાશ પાથર્યો. ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીસરી આરતી ત્રિભુવન દેવા,
સુરનર ઈન્દ્ર કરે તોરી સેવા. જય૦ ૪

ચોથી આરતી ચઉગતિ ચૂરે,
મનવાંછિત ફળ શિવસુખ પૂરે. જય૦ ૫

પંચમી આરતી પુન્ય ઉપાયા;
મૂળચંદે ઋષભ ગુણ ગાયા. જય૦ ૬

## શ્રી મંગળદીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો;
આરતી ઉતારણ બહુ ચિરંજીવો. દી૦ ૧.
સોહામણું ઘેર પર્વ દિવાળી;
અંબર ખેલે અમરાબાળી. દી૦ ૨

---

હે ત્રિભુવનદેવ ! ત્રીજી આરતીમાં દેવેંદ્રો અને નરેન્દ્રો તમારી સેવા કરે છે. ૪.

ચોથી આરતી ચાર ગતિને ચૂરનારી છે, અને શિવસુખ રૂપ મનવાંછિત ફળને પૂરનારી છે. ૫.

પાંચમી આરતી પુન્યના ઉપાયરૂપ છે. આ રીતે કર્તા મૂળચંદે ઋષભદેવ પ્રભુના ગુણો ગાયા. ૬.

**મંગળદીવાનો અર્થ** - દીપક સમાન હે પ્રભુ ! તમે ખરેખર માંગલિક દીપક છો. આરતી = પીડાને ઉતરણ = દૂર કરનાર હે પ્રભુ ! તમે દીર્ઘ કાળ સુધી જીવો.

દીપકની શ્રેણીરૂપી પર્વ જિનઘરને શોભાવે છે. આ પ્રસંગે આકાશમાં દેવકન્યાઓ નૃત્ય કરે છે. ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીપાળ ભણે એણે કુલ અજવાળી;
ભાવે ભગતે વિઘન નિવારી. દી૦ ૩.
દીપાળ ભણે એણ એ કળિકાલે;
આરતી ઉતારી રાજા કુમારપાળે. દી૦ ૪.
અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક;
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો. દી૦ ૫.

## શ્રી શાંતિકળશ

પછી એક કૂંડી લઈને તેમાં કંકુનો સાથીયો કરી, રૂપાનાણું મૂકવું. પછી શાંતિકળશ કરનારને કપાળે કંકુનો ચાંલ્લો કરી અક્ષત ચોડી તેના ગળામાં પુષ્પનો હાર પહેરાવવો. પછી શાંતિકળશ કરનારે પ્રભુને અક્ષતથી વધાવવા.

પછી શાંતિકળશ કરનારના હાથમાં કંકુનો સાથીયો કરી, ઉપર કળશ મૂકવો. શાંતિકળશ કરનારે નવકાર તથા ઉવસગ્ગહરં બોલી કળશની ધાર કરવી. અને બૃહશાંતિ બોલવી.

**નમોર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ.**

## બૃહત્શાંતિ સ્મરણ

**ભો ભો ભવ્યાઃ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્**
**યે યાત્રાયાં ત્રિભુવનગુરોરાર્હતા ભક્તિભાજઃ,**

---

દિપાલ નામના કવિ (અથવા દીપકની શ્રેણી) કહે છે કે- ભાવપૂર્વક કરેલી ભક્તિ કુલને અજવાળે છે અને બધાં વિઘ્નો દૂર કરે છે.

કર્ત્તા દિપાલ કવિ કહે છે કે - આ કલિકાલમાં કુમારપાળ રાજાએ ભગવાનની આરતી ઘણા ભાવપૂર્વક ઉતારી છે. ૪.

અમારા ઘરે, તમારા ઘરે અને ચતુર્વિધ સંઘમાં મગંલિક થજો.

**બૃહચ્છાન્તિનો અર્થ** - હે ભવ્યજનો ! તમે આ સર્વ મારું પ્રાસંગિક વચન સાંભળો. જે શ્રાવકો જિનેશ્વરની (રથ) યાત્રામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેષાં શાંતિર્ભવતુ ભવતામર્હદાદિપ્રભાવા-
દારોગ્યશ્રીધૃતિમતિકરી ક્લેશવિધ્વંસહેતુઃ. ૧.

ભો! ભો! ભવ્યલોકા ! ઈહ હિ ભરતૈરાવતવિદેહસંભવાનાં સમસ્તતીર્થકૃતાં જન્મ-ન્યાસનપ્રકંપાનંતરમવધિના વિજ્ઞાય સૌધર્માધિપતિઃ સુઘોષાઘંટાચાલનાનંતરં સકલસુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય સવિનયમર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિશૃંગે વિહિતજન્માભિષેકઃ શાંતિમુદ્ઘોષયતિ યથા તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા "મહાજનો યેન ગતઃ સ પંથા" ઈતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાંતિ-મુદ્ઘોષયામિ, તત્પૂજા-યાત્રા-સ્નાત્રાદિમહોત્સવાનંતરમિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા.

---

ભક્તિવંત છે, તે આપ શ્રીમાનોને અર્હદ્ વગેરેના પ્રભાવથી આરોગ્ય, લક્ષ્મી, ચિત્તની સ્વસ્થતા અને બુદ્ધિને આપનારી તથા સર્વ કલેશ-પીડાનો નાશ કરવામાં કારણભૂત એવી શાંતિ પ્રાપ્ત થાઓ. ૧.

હે ભવ્યજનો ! આ જ અઢીદ્વીપમાં ભરત, ઐરાવત અને મહાવિદેહક્ષેત્રમાં જન્મેલા સર્વ તીર્થંકરોના જન્મસમયે પોતાનું આસન કંપતાં સૌધર્મેન્દ્ર અવધિજ્ઞાનથી તીર્થંકરનો જન્મ થયેલો જાણીને, સુઘોષા ઘંટ વગડાવીને બધા સુરેન્દ્રો અને અસુરેન્દ્રો સાથે આવીને વિનયપૂર્વક શ્રી અરિહંત ભગવંતને હાથમાં ગ્રહણ કરીને મેરુપર્વતના શિખર પર લઈ જઈને જન્માભિષેક કર્યા પછી જેમ શાંતિની ઉદ્ઘોષણા કરે છે, તેમ હું પણ કરેલાનું અનુકરણ કરવું એમ માનીને 'મહાજન જે માર્ગે જાય તે માર્ગ' એમ જાણીને ભવ્યજનો સાથે આવીને સ્નાત્રપીઠે સ્નાત્ર કરીને શાંતિની ઉદ્ઘોષણા કરું છું. તો તમે બધા પૂજા-મહોત્સવ, સ્નાત્રમહોત્સવ વગેરેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતાં ભગવન્તોર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિન-સ્ત્રિલોકનાથા-સ્ત્રિલોકમહિતા-સ્ત્રિલોકપૂજ્યા-સ્ત્રિલોકેશ્વરા-સ્ત્રિલોકોદ્યોતકરાઃ.**

**ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મપ્રભ-સુપાર્શ્વ-ચંદ્રપ્રભ-સુવિધિ-શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનંત-ધર્મ-શાંતિ-કુંથુ-અર-મલ્લિ-મુનિસુવ્રત-નમિ-નેમિ-પાર્શ્વ-વર્ધમાનાંતા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા.**

**ૐ મુનયો મુનિપ્રવરા રિપુવિજયદુર્ભિક્ષકાંતારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષંતુ વો નિત્યં સ્વાહા.**

**ૐ હ્રી શ્રી ધૃતિ-મતિ -કીર્તિ કાંતિ બુદ્ધિ-લક્ષ્મી-મેધા-વિદ્યાસાધન-પ્રવેશ-નિવેશનેષુ સુગૃહીતનામાનો જયંતુ તે જિનેંદ્રાઃ.**

---

પૂર્ણતા કરીને કાન દઈને સાંભળો ! સાંભળો ! સ્વાહા.

ૐ આજનો દિવસ પવિત્ર છે. આ અવસર માંગલિક છે. સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રિલોકના નાથ, ત્રિલોકથી પૂજિત, ત્રિલોકના પૂજ્ય, ત્રિલોકના ઈશ્વર, ત્રિલોકમાં ઉદ્યોત કરનારા અરિહંત ભગવંત પ્રસન્ન થાઓ.

ૐ ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ, ચન્દ્રપ્રભ, સુવિધિનાથ, શીતલનાથ શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય સ્વામી, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, નેમિનાથ પાર્શ્વનાથ અને વર્ધમાનસ્વામી જેમાં છેલ્લા છે એવા ચોવીસે શાન્ત-કષાયાદિથી ઉપશાંત થયેલા જિનો અમને શાંતિ કરનારા થાઓ. સ્વાહા.

ૐ શત્રુવડે કરવામાં આવતા વિજયપ્રસંગે, દુષ્કાલમાં ગહન અટવીમાં તથા વિકટ માર્ગો ઓળંગવાના પ્રસંગે મુનિઓમાં શ્રેષ્ઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ૐ રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશૃંખલા-વજ્રાંકુશી-અપ્રતિચક્રા-પુરુષદત્તા-કાલી-મહાકાલી-ગૌરી-ગાંધારી-સર્વાસ્ત્રા-મહાજ્વાલા-માનવી-વૈરુટ્યા-અચ્છુપ્તા-માનસી-મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા.**

**ૐ આચાર્યોપાધ્યાયપ્રભૃતિચાતુર્વર્ણસ્ય શ્રી શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ.**

**ૐ ગ્રહાશ્ચંદ્રસૂર્યાંગારકબુધ-બૃહસ્પતિ-શુક્રશનૈશ્ચર-રાહુકેતુસહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ-કૂબેર-વાસવા-દિત્ય-સ્કંદવિનાયકોપેતા યે ચાન્યેઽપિ ગ્રામનગરક્ષેત્ર-દેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયન્તામ્ અક્ષીણકોશકોષ્ઠાગારા-નરપતયશ્ચ ભવંતુ સ્વાહા.**

---

એવા મુનિઓ તમારું નિત્ય રક્ષણ કરો. સ્વાહા.

ૐ શ્રી, હ્રી, ધૃતિ, મતિ, કીર્તિ, કાન્તિ, બુદ્ધિ, લક્ષ્મી અને મેધા એ નવસ્વરૂપવાળી સરસ્વતીની સાધનામાં, યોગના પ્રવેશમાં તેમજ મંત્રજપના નિવેશનમાં જેમનાં નામોનું આદરપૂર્વક ઉચ્ચારણ કરાય છે, તે જિનવરો જય પામો-સાન્નિધ્ય કરનારા થાઓ.

ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા, પુરુષદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, સર્વાસ્ત્રવાળી મહાજ્વાલા, માનવી, વૈરુટ્યા, અચ્છુપ્તા, માનસી અને મહામાનસી એ સોળ વિદ્યાદેવીઓ તમારું રક્ષણ કરો. સ્વાહા.

ૐ આચાર્ય, ઉપાધ્યાય વગેરે શ્રમણપ્રધાન ચાર પ્રકારના શ્રી શ્રમણ સંઘને શાંતિ થાઓ, તુષ્ટિ થાઓ, પુષ્ટિ થાઓ.

ૐ ચન્દ્ર, સૂર્ય, મંગલ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ વગેરે ગ્રહો, લોકપાલો-તે સોમ, યમ, વરુણ અને કુબેર, તેમજ ઈન્દ્ર, સૂર્ય કાર્તિકેય, ગણપતિ વગેરે દેવો તથા ગ્રામદેવતા, નગરદેવતા, ક્ષેત્રદેવતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન-સંબંધિબંધુ-વર્ગ-સહિતાઃ નિત્યં ચામોદપ્રમોદકારિણઃ અસ્મિઁશ્ચ ભૂમંડલ આયતન નિવાસિ સાધુસાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં રોગોપસર્ગ-વ્યાધિ-દુઃખ-દુર્ભિક્ષદૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ.**

**ૐ તુષ્ટિપુષ્ટિઋદ્ધિવૃદ્ધિમાંગલ્યોત્સવાઃ સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યંતુ દુરિતાનિ શત્રવઃ પરાઙ્મુખા ભવંતુ સ્વાહા.**

**શ્રીમતે શાંતિનાથાય, નમઃ શાંતિવિધાયિને;**
**ત્રૈલોક્યસ્યામરાધીશ-મુકુટાભ્યર્ચિતાંઘ્રયે. ૧.**
**શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્, શાંતિં દિશતુ મે ગુરુઃ;**
**શાંતિરેવ સદા તેષાં, યેષાં શાંતિર્ગૃહે ગૃહે. ૨.**

---

વગેરે બીજા પણ જે દેવો હોય તે સર્વે પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ અને રાજાઓ અક્ષય કોશ-કોઠારવાળા થાઓ. સ્વાહા.

ૐ તમે પુત્ર (પુત્રી), મિત્ર, ભાઈ (બહેન), ભાર્યા, સુહૃદ્, જ્ઞાતીલા, સ્નેહીજનો અને સગાંવહાલાં સહિત આનંદપ્રમોદ કરનારા થાઓ. વળી આ ભૂમંડલમાં પોતાના સ્થાનમાં રહેલા સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકાઓના રોગ, ઉપસર્ગ વ્યાધિ, દુઃખ, દુષ્કાળ અને વિષાદના ઉપશમન દ્વારા શાંતિ થાઓ.

ૐ તમને તુષ્ટિ થાઓ, પુષ્ટિ થાઓ, ઋદ્ધિ મળો, વૃદ્ધિ મળો, માંગલ્યની પ્રપ્તિ થાઓ અને તમારો નિરંતર અભ્યુદય થાઓ. તમારાં ઉત્પન્ન થયેલાં પાપકર્મો નાશ પામો. ભયો શાંત થાઓ. તેમ જ તમારા શત્રુઓ વિમુખ થાઓ. સ્વાહા.

ત્રણે લોકના પ્રાણીઓને શાંતિ કરનારા અને દેવેન્દ્રોના મુગુટ વડે પૂજાએલા ચરણવાળા પૂજ્ય શાંતિનાથ ભગવાનને નમસ્કાર હો. ૧.

જગતમાં શાંતિ કરનારા, જગતને ધર્મનો ઉપદેશ આપનારા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ-ગ્રહ-ગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ;
સંપાદિતહિતસંપન્નામગ્રહણં જયતિ શાંતેઃ. ૩.
શ્રીસંઘજગજ્જનપદ-રાજાધિપરાજસન્નિવેશાનામ્;
ગોષ્ઠિકપુરમુખ્યાણાં, વ્યાહરણૈર્વ્યાહરેચ્છાંતિમ્. ૪.

**શ્રીશ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ, શ્રીજનપદાનાં શાંતિર્ભવતુ, શ્રી રાજાધિપાનાં શાંતિર્ભવતુ, શ્રીરાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ, શ્રીગોષ્ઠિકાનાં શાંતિર્ભવતુ, શ્રીપૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ, શ્રી પૌરજનસ્ય શાંતિર્ભવતુ, શ્રી બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ, ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા.**

**એષા શાંતિઃ પ્રતિષ્ઠાયાત્રાસ્નાત્રાધવસાનેષુ શાંતિકલશં ગૃહીત્વા કુંકુમચંદનકર્પૂરાગરુધૂપવાસકુસુમાંજલિસમેતઃ**

---

પૂજ્ય શાંતિનાથ મને શાંતિ આપો. જેમના ઘરે ઘરે શાંતિનાથ પૂજાય છે, તેમને સદા શાંતિ જ હોય છે. ૨.

ઉપદ્રવો, ગ્રહોની દુષ્ટ ગતિ, દુઃસ્વપ્ન અને દુષ્ટ અંગસ્ફુરણરૂપ અપશુકન આદિ દુષ્ટ નિમિત્તોનું નાશ કરનારું તથા આત્મહિત અને સંપત્તિને પ્રાપ્ત-કરાવનારું શ્રી શાંતિનાથ ભગવાનનું નામોચ્ચારણ જય પામે છે. ૩.

શ્રી સંઘ, જગતના જનપદો, મહારાજાઓ, રાજાઓનાં નિવાસસ્થાનો વિદ્વદ્‌મંડળીના સભ્યો તથા અગ્રગણ્ય નાગરિકોનાં નામ લઈને શાંતિ બોલવી જોઈએ. ૪.

શ્રી શ્રમણસંઘને શાંતિ થાઓ, શ્રી જનપદો (દેશો) ને શાંતિ થાઓ, શ્રી રાજાધિપો (મહારાજઓ)ને શાંતિ થાઓ, શ્રી રાજાઓનાં નિવાસસ્થાનોને શાંતિ થાઓ, શ્રી ગોષ્ઠિકોને-વિદ્વદ્‌મંડળીના સભ્યોને શાંતિ થાઓ, શ્રી અગ્રગણ્ય નાગરિકોને શાંતિ થાઓ, શ્રી નગરજનોને શાંતિ થાઓ, શ્રી બ્રહ્મલોકને શાંતિ થાઓ ૐ સ્વાહા, ૐ સ્વાહા, ૐ શ્રી પાર્શ્વનાથને સ્વાહા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્નાત્રચતુષ્કિકાયાં શ્રી સંઘસમેતઃ શુચિશુચિવપુઃ પુષ્પવસ્ત્ર-ચંદનાભરણાલંકૃતઃ પુષ્પમાલાં કંઠે કૃત્વા, શાંતિમુદ્‌ઘોષયિત્વા, શાંતિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ.**

**નૃત્યંતિ નૃત્યં મણિપુષ્પવર્ષં, સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ;**
**સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે. ૧.**
**શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવંતુ ભૂતગણાઃ;**
**દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ ૨.**
**અહં તિત્થયરમાયા, સિવાદેવી તુમ્હ નયરનિવાસિની;**
**અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા. ૩.**

---

આ શાંતિપાઠ જિનબિંબની પ્રતિષ્ઠા, રથયાત્રા, અને સ્નાત્ર વગેરે મહોત્સવને અંતે બોલવો. તેનો વિધિ એવો છે, કે કેસર, ચંદન, કપૂર, અગરુનો ધૂપ, વાસ અને અંજલિમાં વિવિધરંગી પુષ્પો રાખીને શાંતિકલશ ગ્રહણ કરીને શ્રી સંઘની સાથે સ્નાત્રમંડપમાં ઉભો રહે. બાહ્ય-અભ્યંતર મેલથી રહિત તથા શ્વેતવસ્ત્ર ચંદન અને આભરણોથી અલંકૃત એવો પૂજક કંઠમાં પુષ્પમાળાને ધારણ કરીને શાંતિની ઉદ્‌ઘોષણા કરીને તે શાંતિકલશનું પાણી આપે, તે દરેકે માથે લગાડવું જોઈએ.

પુણ્યશાલીઓ જિનેશ્વરની સ્નાત્રક્રિયા પ્રસંગે વિવિધ પ્રકારનાં નૃત્યો કરે છે, રત્ન અને પુષ્પની વર્ષા કરે છે, અષ્ટમંગલોનું આલેખન કરે છે અને માંગલિક સ્તોત્રો ગાય છે. અને તીર્થંકરના વંશના ગોત્રો-નામો તથા મંત્રો બોલે છે. ૧.

સમગ્ર વિશ્વનું કલ્યાણ થાઓ. પ્રાણીઓ પરોપકારમાં તત્પર બનો. દોષો નાશ પામો. અને સર્વત્ર લોક સુખી થાઓ. ૨.

હું નેમિનાથ તીર્થંકરની માતા શિવાદેવી તમારા નગરમાં નિવાસ કરનારી છું. તેથી અમારું અને તમારું કલ્યાણ થાઓ. ઉપદ્રવોનો નાશ થાઓ અને કલ્યાણ થાઓ. સ્વાહા. ૩.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ;**
**મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ૪.**
**સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્;**
**પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૫.**

●●●

## શ્રી ચૈત્યવંદન વિધિ

(પ્રથમ ત્રણ ખમાસમણ દેવાં.)

**ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ મત્થએણ વંદામિ ૧. ઇચ્છામિ ખમાસમણો, વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ મત્થએણ વંદામિ. ૨. ઇચ્છામિ ખમાસમણો, વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ મત્થએણ વંદામિ. ૩.**

---

શ્રી જિનેશ્વર ભગવંતનું પૂજન કરતાં સમસ્ત પ્રકારના ઉપદ્રવો નાશ પામે છે. વિઘ્નરૂપી વેલીઓ છેદાઇ જાય છે. અને મન પ્રસન્નતાને પામે છે. ૪.

સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણોના કારણરૂપ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈનશાસન સદા જયવંતુ વર્ત્તે છે. ૫.

**સકલકુશલવલ્લીનો અર્થ**-સર્વ સુખ રૂપી વેલને પુષ્ટ કરવામાં પુષ્કરાવર્ત્તના મેઘ સમાન, પાપરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન, ઇચ્છિતોને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન, સંસારસમુદ્રને તારવામાં વહાણ સમાન, સર્વસંપત્તિના કારણરૂપ એવા શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી પાર્શ્વનાથ ભગવાન નિરંતર તમારા કલ્યાણ માટે થાઓ. ૧.

**ચૈત્યવંદનનો અર્થ**- ત્રણ ભુવનના સ્વામી એવા હે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ! તમે જયવંતા વર્ત્તો. તમે અષ્ટ કર્મરૂપી શત્રુને જીતીને પાંચમી ગતિ-મોક્ષગતિ પ્રાપ્ત કરી છે. ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પછી જમણો ઢીંચણ ભોંય પર સ્થાપી, ડાબો ઢીંચણ ઉભો રાખી યોગમુદ્રાએ બે હાથ જોડી ચૈત્યવંદન કરવું.)

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? ઇચ્છં.**

**સકલકુશલવલ્લી પુષ્કરાવર્તમેઘો,**
**દુરિતતિમિરભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ;**
**ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ,**
**સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ**
**શ્રેયસે પાર્શ્વનાથઃ**

**શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન**

**જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવનસ્વામી;**
**અષ્ટ કર્મ-રિપુ જીતીને, પંચમીગતિ પામી. ૧.**

**પ્રભુનામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;**
**પ્રભુ નામે ભવ ભય તણાં, પાતક સબ દહીએ. ૨.**

**ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પાર્શ્વ નામ;**
**વિષ અમૃત થઈ પરગમે, લહીએ અવિચળ ઠામ. ૩.**

---

પ્રભુના નામે આનંદના મૂળરૂપ સુખ સંપત્તિ પામીએ. અને પ્રભુના નામે સંસારભયનાં સર્વ પાપો બાળી નાખીએ. ૨.

ૐ હ્રીં વર્ણ જોડીને પાર્શ્વનાથનું નામ (ૐ ह्रीँ पार्श्वनाथाय नमः) જપીએ તો વિષ અમૃતપણે પરિણમે છે. અને અવિચળ સ્થાન પ્રાપ્ત કરીએ છીએ. ૩.

(જંકિંચિ, નમુત્થુણં વગેરેના અર્થ પ્રથમ પૃષ્ઠ ૧૦ થી ૧૫માં આપ્યા છે)

**અરિહંત ચેઈઆણંનો અર્થ-** અરિહંત ભગવાનની પ્રતિમાઓના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જંકિંચિ સૂત્ર

**જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;**
**જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ. ૧.**

(નમુત્થુણંથી શરૂ કરી જાવંત કેવિસાહુ સુધી બોલવું, પછી ઉવસગ્ગહરં અથવા સ્તવન બોલવું. ત્યારબાદ જયવીયરાય કહેવું. આ સૂત્રો પૂર્વે પૃષ્ઠ ૧૦ થી ૧૫માં આપ્યા છે.) (પછી ઉભા થઈ).

## અરિહંત ચેઈઆણં સૂત્ર

**અરિહંત ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ નિરુવસગ્ગવત્તિઆએ, સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.**

## અન્નત્થ સૂત્ર

**અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં**

---

વંદન નિમિત્તે, પૂજન નિમિત્તે, સત્કાર નિમિત્તે અને સન્માન નિમિત્તે તેમજ બોધિલાભના નિમિત્તે અને મોક્ષ પ્રાપ્તિ માટે વધતી જતી શ્રદ્ધા વડે, વધતી જતી સમજણ વડે, વધતી જતી ચિત્તની સ્વસ્થતા વડે, વધતી જતી ધારણા વડે અને વધતી જતી અનુપ્રેક્ષા વડે હું કાયોત્સર્ગ કરું છું.

**અન્નત્થ સૂત્રનો અર્થ-** શ્વાસ લેવાથી, શ્વાસ મૂકવાથી, ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસું આવવાથી, ઓડકાર આવવાથી, વાછૂટ થવાથી, ભ્રમરી આવવાથી, પિત્તને લીધે મૂર્ચ્છા આવવાથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દિટ્ઠિસંચાલેહિં, એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ.**

[હવે કાઉસ્સગ્ગ આકારે ઉભા રહી મનમાં એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. તે નીચે પ્રમાણે.]

**નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.**

(કાઉસ્સગ્ગ પારી નીચે પ્રમાણે નમોર્હત્ કહી એક થોય કહેવી.)

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

**થોય**

**પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,**
**સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી;**

---

શરીરનું સૂક્ષ્મ રીતે સ્ફુરણ થવાથી, સૂક્ષ્મ રીતે શ્લેષ્મનો સંચાર થવાથી, સૂક્ષ્મ રીતે દૃષ્ટિનો સંચાર થવાથી, ઉપર કહ્યા તે આગારો તથા બીજા પણ આગારોથી મારો કાયોત્સર્ગ અખંડિત અને અવિરાધિત થાઓ. (ક્યાં સુધી ?)

જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરવા વડે ન પારૂં ત્યાં સુધી પોતાની કાયાને સ્થાન વડે, મૌન રહેવા વડે અને ધ્યાન કરવા વડે (પાપક્રિયાથી) વોસિરાવું છું.

**થોયનો અર્થ-** વામામાતાના પુત્ર શ્રી પાર્શ્વનાથ ભગવંત જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાએ ગર્ભના પ્રભાવથી અંધારી રાત્રિએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જિનવર જાયા, સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે,**
**નેમિ રાજિ ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીએ.**

(પછી ખમાસમણ દેવું.)

**ઇચ્છામિ ખમાસમણો, વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.**

**[ ચૈત્યવંદન વિધિ સમાપ્ત ]**

---

પોતાની પાસે જતા સર્પને જોયો હતો. માતા ચૌદ સ્વપ્નોને જુએ છે, તેનો વિશેષ પ્રકારે અર્થ ઇંદ્ર મહારાજા કહે છે. શ્રી જિનેશ્વરનો જન્મ થયો ત્યારે દેવોએ મળીને તેમને હુલરાવ્યા. યૌવનવય પામ્યા ત્યારે સ્ત્રીઓને પ્રિય થયા. શ્રી નેમિનાથ અને રાજીમતિના વૈરાગ્યપ્રાપ્તિના ચિત્રો જોઇ વ્રત અંગીકાર કરે છે. ૧.

**સ્નાત્ર પૂજા સમાપ્ત.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અમારાં લખાયેલ પ્રકાશિત થયેલ પુસ્તકો



૧. યોગવિંશિકા

૨. યોગશતક

૩. શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત

૪. શ્રી જૈન તત્ત્વ પ્રકાશ

૫. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર



૬. જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોશ

૭. જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા

૮. કર્મવિપાક

૯. કર્મસ્તવ

૧૦. બંધસ્વામિત્વ

૧૧. ષડશીતિ



૧૨. પૂજા સંગ્રહ સાર્થ

૧૩. સ્નાત્ર પૂજા સાર્થ

૧૪. સમ્યક્ત્વની સજઝાય

૧૫. નવસ્મરણ

૧૬. રત્નાકરાવતારિકા (ભાગ-૧)

૧૭. રત્નાકરાવતારિકા (ભાગ-૨)

BHARAT GRAPHICS, A'BAD. PH.334176

Jain Education International For Private & Personal Use Only